ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૨ ટકા

# આજે દશેરા : નગરજનો ફાફડા-જલેબી પર તુટી પડશે

## શુધ્ધ ઘીની જલેબીમાં પનીર જલેબી, કેસરયુકત જલેબી, ઈમરતી જેવી વેરાઈટી ઈન ડીમાન્ડ : ફાફડા-ચોળાફળી સાથે વણેલા ગાંઠિયા પણ શહેરીજનોની પસંદ





ગાંધીનગર, તા.૧૬
દશેરાનું પર્વ એટલે આસુરી શકિત પર દૈવી તત્વના વિજયનું પર્વ. દશેરાના પર્વને દિવસે શહેરમાં ફાફડા-જલેબી-ચોળાફળીની જયાફતો ઉડે છે અને ગાંધીનગરના નાગરિકો લાખો રૂપિયાના ફાફડા-જલેબી આરોગી જાય છે. દશેરાને અનુલક્ષીને શહેરના મિઠાઈ-ફરસાણના વેપારીઓ દ્વારા સ્ટોલ્સ ઉભા કરી દેવાયા છે.

દરેક પર્વ સાથે કોઈ એક ખાણીપીણીની આઈટમ જોડાયેલ જોવા મળે છે. જેમ કે ઉત્તરાયણમાં ઉંધિયુ-જલેબી, હોળી પર ધાણી-ખજૂર, નાગપાંચમે ખાજા અને દશેરાના દિવસે ફાફડા-જલેબી, શહેરમાં દશેરાના પર્વ પર સ્વાદના શોખીનો રીતસરના ફાફડા-જલેબી ચોળાફળી પર તુટી પડે છે અને આ ક્રેઝના કારણે બજારમાં જલેબીની અવનવી વેરાઈટી પણ જોવા મળી રહી છે. જેમાં શુધ્ધ ઘીની પનીર જલેબી અને ઈમરતી જલેબી વગેરેનો સમાવેશ થાય છે.

### શું ભાવે વેચાઈ રહ્યા છે ફાફડા-જલેબી?

શહેરમાં ફાફડાનો ભાવ ૩૦૦ થી ૪૦૦ રૂપિયે, ચોળાફળી ૨૮૦ થી ૩૬૦ રૂપિયે અને જલેબીમાં શુધ્ધ ઘીની સાદી જલેબી, પનીર જલેબી અથવા કેસરયુકત ઈમરતી વગેરે ૪૮૦ થી ૫૨૦ સુધી વેચાઈ રહી છે જયારે તેલની જલેબી ૨૦૦થી ૨૫૦ના ભાવે બજારમાં વેચાતી જોવા મળી રહી છે.

ગાંધીનગરની જાણીતી મિઠાઈ-ફરસાણની બ્રાન્ડ રાધે સ્વીટના વિપુલ સુખડિયાએ જણાવ્યું હતું કે દશેરામાં ફાફડા જલેબીનો તો ઉપાડ રહે છે પરંતુ તેની સાથે વણેલા ગાંઠિયા, સમોસા, મસાલા પાપડી અને મોળી પાપડી જેવી આઈટમ પણ સ્વાદના શોખીનો પસંદ કરી રહ્યા છે.

ગાંધીનગરમાં મિઠાઈ-ફરસાણના વેપારીઓ દ્વારા પોતાની દુકાનોની આસપાસ તંબુ તાણી દેવાયા છે અને રંગબેરંગી મંડપના સ્ટોલ્સ ઉભા કરી દશેરા પર્વની ઘરાકીને અંકે કરવા કમર કસી રહ્યા છે. દશેરાના દિવસે નાગરિકો લાખો રૂપિયાના ફાફડા જલેબી-ચોળાફળી આરોગી જશે.

# પાલજ ગામમાં ચાર મકાનોમાં આગ લાગતા નાસભાગ

## ચિલોડા હાઈવે પર ટેન્કર સળગી ઉઠ્યું





ગાંધીનગર, તા. ૧૭
ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામમાં આજે એકાએક ચાર સળંગ મકાનોમાં આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. મકાનમાં માતાજીનો દિવો કર્યો હતો. આ જાળ લાગતા આગ પ્રસરી હોવાની પ્રાથમિક શક્યતા છે. પાલજના બળદેવભાઈ એમ. વાઘેલા, અમૃતભાઈ એમ. વાઘેલા, કરશનભાઈ એમ. વાઘેલા અને ઈશ્વરભાઈ એમ. વાઘેલાના સળંગ ચારેય મકાનો આગમાં લપેટાયા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ થતાં ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લઈ લીધી હતી. તો બીજી તરફ ચિલોડા હાઈવે પર ડામરની ટેન્કર પસાર થઈ રહી હતી કોટાથી ખાલી ટેન્કર લઈને પીપાવાવ ભરવા લઈ જવાઈ રહી હતી. નિમેષ ટ્રાન્સપોર્ટની આ ટેન્કરમાં હવા ઓછી થઈ હતી. તેમ છતાં ટેન્કર રોડ પર ચલાવતા લાઈનર ગરમ થઈ જવાથી આગ લાગી હોવાનું ડ્રાઈવર મુસ્તાકનું કહેવુ છે. આ ટેન્કરમાં લાગેલી આગને પણ સમયસર ફાયરબ્રિગેડની ટીમે કાબુમાં લઈ લીધી હતી.

# સે-૨૪માં આઈઆઈટીઈ હોસ્ટેલમાં યુવાનનો ગળે ફાંસો

શહેરના સેકટર-૨૪ ખાતે આવેલી આઈ.આઈ.ટી.ઈ.ની હોસ્ટેલમાં રહેતા છાત્રએ આજે બપોરના અરસામાં પોતાના રૂમ પર જ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. છાત્રએ કયા કારણોસર ગળેફાંસો ખાઈ લીધો તે બાબત હજુ રહસ્યમય છે. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૪ ખાતે આવેલી આઈ.આઈ.ટી.ઈની હોસ્ટેલના બ્લોક નં. ૨૯/૩ ખાતે રહેતા એક યુવાન સુહાસ બાબુભાઈ ચૌધરીએ આજે બપોરે કોઈ કારણોસર પોતાના રૂમમાં આપઘાત કરી લીધો હતો. બાજુના રૂમમાં રહેતો તેનો મિત્ર આશિષ ચૌધરી અઢી વાગ્યે સુહાસના રૂમે ગયો ને અંદર જઈને જોયું તો તેણે ગળે ફાંસો ખાઈ લીધેલો હતો. ઘટના અંગે પોલીસને જાણ થતા જમાદાર હરદેવભાઈએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી યુવકનો મૃતદેહ પી.એમ. કરાવી ઘટનાની ઉંડી તપાસ હાથ ધરી છે. જો કે મોડી સાંજ સુધી આપઘાતનું કારણ બહાર આવ્યું નથી.



### વસાહતીઓએ વચન નિભાવતા કોર્પોરેટર રાજી...!!

ગાંધીનગરના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સે-૩-ન્યુના નવરાત્રિ ચોક ખાતે ચોમાસાના પ્રારંભે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા તેમની દિકરીના જન્મદિને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેનું વસાહતીઓએ જતન કર્યું છે. નવરાત્રિ પ્રસંગે આરતી કરવા પધારેલા કોર્પોરેટર વસાહતીઓનીપાર્યાવરણ પ્રત્યેની લગણી તથા સંભાળ જોઈ તેમની કામગીરીને બિરદાવતો પ્રસંશાપત્ર વસાહતીઓને આપી તેમનું સન્માન કર્યું હતું.

# શાલીન-૪માં સાતમે યોજાતી વેશભૂષાએ રંગ જમાવ્યો

## નાના બાળકોથી માંડીને વડિલો સુધી ૭૦થી વધુ રહીશોએ ભાગ લીધો વિવિધ ઐતિહાસિક, સાંસ્કૃતિક, ફિલ્મી તથા દેશભકિતના પાત્રો રજૂ કરાયા

ગાંધીનગર, તા.૧૬
નવરાત્રિના આખરી ચરણમાં ખેલૈયાઓ પોતાની પુરી શકિત-ભકિતથી ગરબા મહોત્સવને માણી રહ્યા છે તે સાથે જ શેરી ગરબાની રંગત પણ ચરમસીમાએ પહોંચી છે. ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલની શાલીન-૪ સોસાયટીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિની સાતમે વેશભૂષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના ભૂલકાંઓથી માંડીને મોટેરા મળીને ૭૦થી વધુ રહીશોએ ભાગ લીધો હતો.

શાલીન-૪ એપાર્ટમેન્ટમાં નવરાત્રિની સાતમે વેશભૂષાનો કાર્યક્રમ યોજવામાં આવે છે જેમાં બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સાથે સોસાયટીના વડિલો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને વિવિધ સર્જનાત્મક પાત્રો રજૂ કર્યા હતા. જે જોઈ ઉપસ્થિત વસાહતીઓ દંગ રહી જવા પામ્યા હતા. આ વેશભૂષા કાર્યક્રમમાં ભારતના શૂરવીરો જેવા કે શિવાજી, નેતાજી સુભાષચંદ્ર બોઝ, સરદાર પટેલ, રાણી લક્ષ્મીબાઈ, ભગતસિંહ વગેરે જયારે ફિલ્મી પાત્રો જેવા કે મુન્નાભાઈ-સર્કીટ, મહારાણી શુભગામિની દેવી કુલી, લુંગી ડાન્સ, ટીવી પાત્રો જેઠાલાલ, ઐતિહાસિક પાત્રો નારદમુનિ, મીરાબાઈ, દ્રૌપદી, મહાદેવજી ઉપરાંત ચાર્લી ચેપ્લીન, ખેલાડી, રેલવે ટિકીટ ચેકર, એર હોસ્ટેસ, હિરોઈન, ભાવની દેવી, ટ્રાફિક સિગ્નલ વગેરે જોવા મળ્યા હતા. કાર્યક્રમમાં વૃધ્ધ માતાઓની વેદના અને રીઝલ્ટ પછી આત્મહત્યા કરતા બાળકોની તથા વાલીઓની માનસિકતા પર પ્રહાર કરતો મૃતાત્મા વગેરે ચોટદાર સંવાદો સાથે જનજાગૃતિ આધારિત સંદેશ સાથેના ધમાકેદાર પરફોર્મન્સ રજૂ કરાયા હતા. જેને સોસાયટીના રહીશોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. કાર્યક્રમમાં રાજકીય પાત્રોએ પણ ભારે રમૂજ પ્રસરાવી હતી. તમામ ભાગ લેનાર સભ્યોને શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ આ સોસાયટીમાં ૯૦થી વધુ રહીશોએ ભાગ લઈ વેશભૂષામાં અનોખું આકર્ષણ જમાવ્યું હતું.




# બોરીજના વનસ્પતિ ઉદ્યાનમાંથી વધુ એકવાર ચંદનની ચોરી

## ૯૦ હજારની કિંમતના ચંદનના ઝાડ કાપીને ચોરો પલાયન : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૭
શહેરને અડીને આવેલા બોરીજ ખાતે જવાહરલાલ નહેરુ સરકારી ઔષધીય વનસ્પતિ ઉદ્યાનમાં વધુ એક વાર તસ્કરો ત્રાટકયા હોવાની વિગતો બહાર આવી છે. વનસ્પતિ ઉદ્યાનમાં ઘુસીને અંદાજે ૯૦ હજારની કિંમતના ચંદનના ઝાડ કાપીને કોર્ડન દિવાલોના ફેન્સીંગ તોડી ચંદન ચોરો ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ સે-૨૧ પોલીસ મથકમાં નોંધાવા પામી છે. પોલીસે ગાર્ડન સુપરવાઈઝરની ફરિયાદ આધારે ગુનો નોંધી સિકયુરીટી ગાર્ડના નિવેદનો લેવાનું શરુ કર્યું છે.

સચિવાલયના બ્લોક નં. ૧૯ ખાતે ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડની કચેરીમાં નોકરી કરતા ગાર્ડન સુપરવાઈઝર કનુભાઈ શંભુભાઈ યોગીએ સેકટર-૨૧ પોલીસ મથકમાં ચંદનની ચોરી મામલે ફરિયાદ નોંધાવી છે. બોરીજ સ્થિત જવાહરલાલ નહેરૂ સરકારી ઔષધીય વનસ્પતિ ઉદ્યાનમાં ક્રિએટીવ એન્ટરપ્રાઈઝ કંપનીની સિકયુરીટી છે તેના સંચાલકે ઉદ્યાનમાં થયેલી ચંદન ચોરી મામલે ગાર્ડન સુપરવાઈઝરનું ધ્યાન દોરતા ૮મી તારીખે સે-૨૧ પોલીસ મથકમાં અરજી આપી હતી. ઉદ્યાનમાં ભાથીજી મંદિરની પાછળ આવેલા ચંદનના પાંચ ઝાડ કાપીને ચંદન ચોરો ભાગી ગયા હતા. કોર્ડન દીવાલ ઉપરની ફેન્સીંગ તુટેલી હાલતમાં દેખાતા ચોરો ત્યાંથી ચંદન ચોરીને ભાગ્યા હોવાનું જણાય છે. આ મામલે રૂ. ૯૦ હજારની કિંમતના ચંદનના ઝાડની ચોરી મામલે સે-૨૧ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ શરુ કરી છે. અગાઉ પણ આ સ્થળેથી ઘણી વાર ચંદન ચોરાયા છે અને એકવાર એક ગેંગ પણ પકડાઈ ચુકી છે.

# આજે નોમ-દશેરાના સમન્વયમાં અંતિમ સ્વરૂપા મા સિધ્ધિદાત્રીનું પૂજન

## ભકિત અને શકિતના અખુટ ભંડારોથી ભરચક મંગલ પર્વ નવરાત્રીનું આજે ભાવભર્યું સમાપન : વિજયપર્વ દશેરાની પણ આજે ઉજવણી

ગાંધીનગર, તા.૧૭
આ વર્ષની શારદીય નવરાત્રીમાં તિથિઓની વધ ઘટના સર્જાયેલા સંજોગ સાથે આજે નોમ-દશેરાના સમન્વયમાં અંતિમ સ્વરૂપા મા સિધ્ધિદાત્રીના પૂજન સાથે ભાવભર્યું સમાપન થશે. નવરાત્રીના અંતિમ દિવસે શ્રધ્ધાળુઓ માતાજીને નૈવેધ ધરાવી સહપરિવાર પ્રસાદ લઈ આરોગ્ય સુખાકારીના આર્શીવાદ પ્રાપ્ત કરશે. નવરાત્રી પર્વને શ્રધ્ધાપુર્વક તન-મન અને ધનથી ઉજવી આજે રંગેચંગે સમાપન થશે અને મા જગદંબાને ભાવ વિભોર બની વિદાય આપશે.

તમામ સિધ્ધિઓ પ્રદાન કરવા વાળી મા સિધ્ધીદાત્રી નવદુર્ગાઓમાં સૌથી શ્રેષ્ઠ અને મોક્ષ પ્રદાન કરવાવાળી દેવી તરીકે પૂજનીય છે. મા ભગવતીના આ સ્વરૂપની પૂજા દેવ, યક્ષ, કિન્નર, દાનવ, ઋષિમુનિ, સાધક અને સંસારી નવરાત્રીના નવમા દિવસે કરે છે. આ સ્વરૂપના પૂજન અર્ચનથી ભકતને યશ, બળ અને ધનની પ્રાપ્તિ થાય છે.

માર્કેન્ડય પુરાણ અનુસાર અણિમા, મહિમા, ગરિમા, લધિયા, પ્રાપ્તિ, પ્રકામ્ય, ઈશિત્વ અને વશિત્વ આ આઠ સિધ્ધિઓની દેવી 'સિધ્ધિદાત્રી' ગણાય છે. દેવી પુરાણ અનુસાર ભગવાન શિવે પણ મા સિધ્ધિદાત્રીની કૃપાથી સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી અને માની અનુકંપાથી ભગવાન શિવનું અડધું શરીર દેવીનું થયું હતું અને તેથી જ સંસારમાં ભગવાન શિવે અર્ધનારીશ્વરના નામથી પ્રસિધ્ધિ મેળવી હતી. મા સિધ્ધિદાત્રીનું વર્ણન કરીએ તો મા ચાર ભૂજાઓવાળી છે અને સિંહ તેમનું વાહન છે તેમજ કમળ પુષ્પ ઉપર બિરાજમાન છે. માતાજીની નીચેની જમણી ભૂજામાં ચક્ર અને ઉપરની ભૂજામાં ગદા છે જયારે ડાબી ભૂજામાં નીચેના હાથમાં શંખ અને ઉપરની ભૂજામાં કમળપુષ્પ છે. મા સિધ્ધીદાત્રી સરસ્વતીનું સ્વરૂપ પણ ગણાય છે. જે સફેદ વસ્ત્રોમાં મહાજ્ઞાન અને મધુર સ્વરથી ભકતોને સંમોહિત કરે છે. મા સિધ્ધિદાત્રી ભગવાન વિષ્ણુની અર્ધાંગિની છે અને નવરાત્રીની અધિષ્ઠાત્રી છે જેથી મા સિધ્ધિદાત્રીને જગતને સંચાલિત કરવાવાળી દેવી તરીકે પણ પૂજવામાં આવે છે.

આજે નોમના દિવસે માતાજીના પૂજન અર્ચન આરતી પછી નૈવેધ ધરાવી વિસર્જન વિધિ થશે જેમાં ભકતો ભારે હૈયે માતાજીને ભાવભરી વિદાય આપશે. આજે બપોર પછી વિજયપર્વ દશેરાની પણ ઉજવણી થશે. નવરાત્રીના મંગલકારી પર્વમાં માતાજીની ઉપાસના કરનાર સાધક સુખ-શાંતિ અને વૈભવી જીવનનો માલિક બને છે.



## @ગાંધીનગર

● કલ્ચરલ ફોરમ દ્વારા નવમા નોરતે સુરીલી સરગમ ૭.૩૦ કલાકે ગરબાની રમઝટ બોલાવશે.

● શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સે-૫ ખાતે શેરી ગરબા યોજાશે જેમાં જલ્પા પટેલ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૧ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર ગરબા રાત્રે ૮ કલાકે યોજાશે.

● સે-૭ શિવ શકિત નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા અનિરુધ્ધસિંહ ચાવડા અને પૂજાબા ચાવડા દ્વારા રાસ ગરબાની રમઝટ સે-૭-સી શિવશકિત મંદિર ચોક ખાતે બોલાવાશે.

● સે-૩ ન્યુ નવરાત્રી સમિતિ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે પ્રથમ ઓરકેસ્ટ્રા દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૨ શોપીંગ સેન્ટર ખાતે માતાજીના ચાચર ચોકમાં વિશાલ ઠાકોર દ્વારા ગરબાની રમઝટ રાત્રે ૮ કલાકે જામશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આસો સુદ નોમના રોજ બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન રામેશ્વર મંદિર, સે-૩-ડી ખાતે આનંદનો ગરબો યોજાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ સે-૨૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે મહાકાળી મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● રૂપાલ ગામ ખાતે પલ્લી મેળો યોજાશે. જેમાં રાત્રે ૧૨ વાગ્યા પછી પલ્લી નીકળશે.

### રાજપુત સમાજ દ્વારા આજે બપોરે ૩ કલાકે શસ્ત્ર પુજન

જિલ્લા રાજપુત સમાજ તેમજ ગાંધીનગર જિલ્લા રાજપુત સમાજ દ્વારા આજે દશેરાના પર્વ નિમિત્તે રાજપુત પરંપરા અને ગૌરવપુર્ણ દિનને અનુલક્ષી શસ્ત્ર પુજનના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૧૮ ઓકટોબરના રોજ સે-૧૨ સ્થિત હંસાબા ચંદનસિંહજી રાજપુત ભવન ખાતે બપોરે કલાકે શસ્ત્ર પુજનનો કાર્યક્રમ યોજાશે.આ પ્રસંગે રાજપુત સમાજના સભ્યોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે જિલ્લા રાજપુત સમાજના પ્રમુખ રાજનસિંહ ચાવડા તેમજ ગાંધીનગર રાજપુત સમાજના પ્રમુખ લાલસિંહ કેવાઘેલાએ જણાવ્યુ છે. આ પ્રસંગે સમાજના સભ્યોએ સાફા ધારણ કરી હાજરી આપવા સમાજના પ્રમુખે જણાવ્યુ છે.

### સમસ્ત જણસારી સમાજની જમીન માટે રજુઆત

ગાંધીનગર, તા.૧૭
ગાંધીનગરના સમસ્ત જણસારી જનક્ષત્રિય સમાજની બેઠકમાં સામાજિક અને શૈક્ષણિક હેતુ માટે રાહતદરે જમીનની માંગણી કરવાનું ઠરાવેલ છે.

નૂતનવર્ષના સ્નેહમિલન, સરસ્વતી સન્માન સમારંભમાં પુરસ્કાર આપવાનું તેમજ વિશિષ્ટ સિધ્ધિ મેળવાર કુ. યશ્વી વિમલ ચોહાણ અને કુ. સ્નેહલ ચંદ્રમતિ પરમારનું સન્માન કરવામાં આવશે. કુ. સોનલ ચાવડા મેડીકલ ઓફીસર તરીકે નિયુકત થતા સન્માન કરવામાં આવશે તેમ મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણે જણાવેલ છે.

### ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા નવેમ્બરમાં ભજન સંધ્યા

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આ.રા.પુ. મા. વૈષ્ણવ પરિષદના સંયુકત ઉપક્રમે તા. ૨૫મી નવેમ્બરના રોજ હવેલી મંદિર, સે-૨૧ ખાતે ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુકે હવેલી મંદિરના કાર્યાલયમાં નામ સરનામું વિગતો સાથે તા. ૨૭મી ઓકટોબર સુધીમાં નામ નોંધાવી દેવું તથા જે કૃતિ રજુ કરવાની હોય તેની બે ઝેરોક્ષ આપવાની રહેશે. વધુ વિગતો માટે સંસ્થાના પદાધિકારીઓનો સંપર્ક સાધવા જણાવાયું છે.